## માઇ રમાબાઇ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન યોજના

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અજાક- ૧૩૦૬- ન.બા. ૪ - ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- 26 MAR 2007

વંચાણમાં લીધા :-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૩-૧-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૦-ન.બા.-૩૪-ગ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૬-૦૨-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૦-ન.બા.-૩૪-ગ

ઠરાવ :-

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી અનસૂચિત જાતિમાં સમુહ લગ્નોના આયોજન માટે માઇ રમાબાઇ સાતફેરા સમુહ લગ્ન યોજના અમલમાં મુકવામાં આવી છે. સમુહલગ્નોનું આયોજન કરનાર સંસ્થાઓને પ્રોત્સાહક રકમમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે, આમુખમાં દર્શાવેલ તા. ૨૬-૨-૨૦૦૪ ના ઠરાવની શરત નંબર- (૨) માં ફેરફાર કરીને નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

" સમુહલગ્નોનું આયોજન કરવા માટે આયોજક સંસ્થાઓને ઓછામાં ઓછા ૧૦ અથવા તેથી વધુ નવયુગલોના સમુહલગ્નો યોજે તો યુગલદીઠ રૂા. ૧૦૦૦/ - લેખે વધુમાં વધુ રૂા. ૨૫,૦૦૦/- ( રૂપિયા પચ્ચીસ હજાર ) ની મર્યાદામાં પ્રોત્સાહક રકમ મંજુર કરવામાં આવશે. "

૩. આ યોજના માટે વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે રૂા. ૬.૦૦ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૪. આમુખમાં દર્શાવેલ ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

( પાછળ )

૫. આ યોજના અંગેનું ખર્ચ તા. ૧-૪-૨૦૦૭ થી કરવાનું રહેશે.

૬. સને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૭. જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૮. આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણેને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૯. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર : ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, (૦૧) અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર : ૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર : (૦૯) બીસીકે- ૫૭, સમુહલગ્ન માટે નાણાંકીય સહાય હેઠળ ઉધારવાનું રહેશે અને તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

૧૦. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૧-૩-૨૦૦૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**( શ્રીમતિ એસ.આર. ભૂરિયા )**
**ઉપ સચિવ**
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી.
- સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી ( પંચાયત )

<u>નકલ રવાના</u> :-
- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવ, સચિવાલય , ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર-સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, ( સા.ન્યા.) ના અંગત સચિવ, સચિવાલય , ગાંધીનગર

- માન. સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવ,સચિવાલય, ગાંધીનગર
- માન. સર્વે રાજય કક્ષાના મંત્રીશ્રી, ના અંગત સચિવ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, સા.ન્યાય અને અ. વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો,
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય , અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારી,
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય, ગાંધીનગર
- વિભાગની સર્વે શાખાઓ.
- નાયબ સેકશન અધિકારીની અંગત ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

નં.અજાક/મ/૫/૨૦૦૭/ ૫૫૨૪
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
૪-૨,ડૉ.જીવરાજ મહેતા ભવન
ગુજરાત રાજય,ગાંધીનગર
તારીખ:૨૮/૩/ ૨૦૦૭

પ્રતિ,
જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી
..........................
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી
.......................

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજય,ગાંધીનગર